

સેક્ટર-૨૪ શાકમાર્કેટ પાછળ આવેલું આ બસ સ્ટેન્ડની હાલત જોઈ એમ થાય કે ક્યારે બસ અહીં આવી હશે કે આવતી હશે તે વિચારવા જેવું છે. (તસવીર : કશ્યપ નિમાવત)

# રૂપિયાની લેવડ-દેવડમાં ઉનાવા ગામે રાત્રે ધીંગાણું થયું

## લોખંડની કોસ અને કુહાડીના ફટકા માથામાં માર્યા : સામસામે પોલીસ ફરીયાદ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર નજીકના ઉનાવા ગામમાં ગઈકાલે રાત્રે ૧૦ વાગ્યે રૂપિયાની લેતી-દેતીમાં ધીંગાણું સર્જાયું હતું. એક જ ફળીયામાં રહેતા બે પરીવારો સામસામે આવી ગયા હતા અને એક પક્ષેથી લોખંડની કોસ તો બીજા પક્ષેથી લોખંડની કુહાડી માથામાં ફટકારી ઘાયલ કરવામાં આવ્યા હતા. ઈજાગ્રસ્તોને હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. પેથાપુર પોલીસે બન્ને પક્ષેથી ફરીયાદ લઈને સામસામે ગુના નોંધી તટસ્થ તપાસ શરૂ કરી છે.

ઉનાવા ગામમાં રહેતા અમૃતભાઈ છનાભાઈ રાઠોડે આપેલી પોલીસ ફરીયાદ મુજબ ગઈકાલે રાત્રે ૧૦ વાગ્યે તેમના પડોશી ગોવિંદ ડાહ્યાભાઈ રાઠોડ અને નરેશ ડાહ્યાભાઈ રાઠોડે ગાળાગાળી કરીને મારઝુડ કરી હતી. ગડદાપાટુનો માર મારીને અમૃતભાઈને માથે કુહાડી મારી હતી. ઘાયલ થતા તેમને હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા છે. તો બીજી તરફ આ બનાવમાં ક્રોસ ફરીયાદ પણ દાખલ થયેલી છે. ગોવિંદભાઈ છગનભાઈ રાઠોડે આપેલી ફરીયાદ મુજબ અમૃત છનાભાઈ રાઠોડ અને સીતા છનાભાઈ રાઠોડે મળીને તેમને ગાળાગાળી કરી બોલાચાલી કરીને રૂપિયાની લેવડ-દેવડની નજીવી બાબતે માથામાં લોખંડની કોસ ફટકારી હતી. ઈજાગ્રસ્તોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. પેથાપુર પોલીસે બન્નેની ફરીયાદ લઈને ગુના નોંધી સઘન તપાસ શરૂ કરી છે.

## આઈ ઈન્સ્પાયર ફાઉન્ડેશને બાળકોને એજ્યુકેશન કીટ વહેંચી



શાળાના વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવાના શુભ આશય સાથે આઈ ઈન્સ્પાયર ફાઉન્ડેશન દ્વારા સરકારી પ્રાથમિક શાળા, સેક્ટર-૧૩, એમ.બી. પટેલ સાર્વજનિક શાળા અને સરદાર વલ્લભભાઈ પટેલ પ્રાથમિક શાળામાં તેજસ્વી તારલાઓને એજ્યુકેશન કીટ આપવાનો કાર્યક્રમ તાજેતરમાં યોજાઈ ગયો. સરદાર વલ્લભભાઈ પટેલ પ્રાથમિક શાળાના તેજસ્વી તારલાઓને આઈ ઈન્સ્પાયર ફાઉન્ડેશન દ્વારા એજ્યુકેશન કીટ આપવામાં આવી હતી. આઈ ઈન્સ્પાયર ફાઉન્ડેશનનાં ચીફ રિશિકુમાર અને અશોક પરીખ, આર્શ પંડ્યાએ આ પ્રસંગે સમગ્ર કાર્યક્રમમાં હાજરી આપી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

## ખેડૂતના કૃષિ વિષયક સિક્યુરીટી ડીપોઝીટ નહીં ભરવા આંદોલન

ગાંધીનગર, તા. ૨૭

ગુજરાત ખેડૂત હિત રક્ષક મંડળ બાલવાના પ્રમુખ દશરથભાઈ એસ. ચૌધરી અને મંત્રી ભરતભાઈએ જણાવેલલ છે કે તા. ૧૭મી એપ્રિલથી કૃષિ વિષયક વીજળીનો કમ્મરતોડ ભાવ વધારો કરેલ છે. વીજળી કંપની દ્વારા સિક્યુરિટી ડિપોઝીટના નામે ખેડૂતોને ખિસ્સા ખંખેરવાનું ચાલુ કરેલ છે. આ અંગે સરકારમાં રજૂઆત કરેલ છે. ગુજરાતના કોઈ ખેડૂતે સિક્યુરિટી ડિપોઝીટ ભરવી નહીં ડીપોઝીટ રદ નહિ થાય તો ખેડૂતો ગાંધીનગર માર્ગે આંદોલન કરશે.

# દહેગામના તળાવમાં ભૂગર્ભ ગટરનું પાણી છોડાતા દુર્ગંધ

દહેગામ, તા. ૨૭

દહેગામ શહેરમાં શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા આથમણા તળાવની સૌંદર્ય રોનક બદલી નાંખી છે આ તળાવનું લોકાર્પણ લગભગ એક વર્ષ અગાઉ સાંસદ હરિનભાઈ પાઠકના હસ્તે કરવામાં આવેલ અને તળાવની ફરતે વિવિધ પ્રકારના રોપા અને રોશની કરવામાં આવેલ છે અને તેની ફરતે નગરજનો માટે વોકીંગ કરવા માટેની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. આ તળાવની ફરતે વહેલી સવારે અને રાત્રે નગરજનો ચાલવા માટે જાય છે પરંતુ હાલના તબક્કે આક્રોશમાં આવી ગયા છે કારણ કે દહેગામ નગરપાલિકાના સત્તા સ્થાનેથી ભૂગર્ભ ગટરનું પાણી તળાવમાં છોડવા માટેનો આદેશ કર્યો છે કે શું?

આથમણા તળાવમાં દહેગામ શહેરમાં ભૂગર્ભ ગટર યોજનાનું ગંદુ પાણી તેમજ નગરજનોના સંડાસ-શૌચાલયોનું મળવાળું પાણી આથમણાં તળાવમાં છોડવામાં આવેલ હોવાથી વોકીંગ કરનારાઓના મુખે તરહ તરહનું ચર્ચાઈ રહ્યું છે કે દહેગામ નગરપાલિકાના સત્તા સ્થાનેથી ઓર્ડર કરાયેલ હોવાથી આ ભુગર્ભ ગટર યોજનાનું પાણી છોડાયું છે કે શું? આ અંગે દહેગામ નગરજનોમાં તરેહ તરેહની ચર્ચાઓ ચાલી રહી છે.




સ્ટાફ ટ્રેનીંગ કૉલેજ, સૅક્ટર-૧૭ ખાતે ગુજરાત પ્રદેશ યુવા ભાજપની કારોબારીનું શનિવારે આયોજન કરવામાં આવ્યું હતું. (તસવીર : દિપક જાની)

## વિસનગર નાગર પરિવાર ગાંધીનગરના હોદ્દેદારો

ગાંધીનગર, તા. ૨૭

વિસનગરા નાગર પરિવાર ગાંધીનગરના વર્ષ ૨૦૧૩-૧૪, ૧૪-૧૫ના વર્ષ માટે વરાયેલા હોદ્દેદારો આ પ્રમાણે છે.

સુરેશભાઈ નટવરલાલ મહેતા પ્રમુખ, મહેશભાઈ ડી. રાવલ મહામંત્રી, ઉપપ્રમુખ તરીકે ધર્મેન્દ્રભાઈ રાવલ, સનતભાઈ વાસુદેવ પંડ્યા, ભાવેશભાઈ પ્રમોદચંદ્ર મહેતા, મંત્રી તરીકે મહેશભાઈ દશરથભાઈ ઠાકોર, કૌશિકભાઈ મુકુંદરાય રાવલ, ગજાનંદભાઈ બાપાલાલ મહેતા, આંતરિક અન્વેષણ દિલીપભાઈ મહેતા, હાટકેશ પાટોત્સવના કન્વીનર તરીકે મયંકભાઈર. દવે, રમેશભાઈ કા.જોશી, ભરતભાઈ પંડ્યા (પધરામણી)ની સેવા આપે છે.

પ્રકાશભાઈ વી. જહા, બિંદ્રેશભાઈ બાબુલાલ રાવલ, દિપકભાઈ મહેતા, હેમંતભાઈ શિવકુમાર ભટ્ટ, કલ્પેશભાઈ રાવલ, દિવ્યાંગભાઈ મહેતા, અતુલભાઈ ગૌરીશંકર વિનોદભાઈ રમણલાલ રાવલ, સમીરભાઈ પંડિત, જ્યોત્સનાબેન જહા, વસુમતીબેન રાવલ, સોનાલીબેન રાવલ. સલાહકાર સમિતિ કૃષ્ણકાન્ત જહા, અંબિકાપ્રસાદ રાવલ, ડૉ. મહેન્દ્રભાઈ દવે, વાસુદેવભાઈ પંડ્યા, ભગવતીપ્રસાદ રાવલ, મનુભાઈ મહેતા, સુભાષભાઈ ભટ્ટ, ડૉ. પ્રમોદચંદ્ર નવીનચંદ્ર મહેતા

## આજે વસુધા ક્રેડિટ કો.ઓ.સો.લિ. ની વાર્ષિક સાધારણ સભા મળશે

ગાંધીનગર, તા. ૨૭

ધી વસુધા ક્રેડિટ કો. સો.લી. ગાંધીનગરની વાર્ષિક સાધારણ સભા તથા તેજસ્વી વિદ્યાર્થી સન્માન સમારંભ તા. ૨૮મી જુલાઈના રોજ બપોરે ડૉ. બાબાસાહેબ આંબેડકર હૉલ ખાતે યોજાશે. સભાસદોએ હાજર રહેવા જણાવેલ છે.

# ગાંધીનગરમાં જીપ અને રીક્ષા ચાલકોની આડોડાઈ પરેશાની સર્જે છે

## સ્ટોપેજ પર બસ આવતાં સાથે જ મુસાફરોની આગળ પોતાનું વાહન ઊભું કરી દેવાય છે

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેરનો ટ્રાફીક દિન-પ્રતિદિન અમદાવાદની હરોળમાં જવા કુદકે અને ભુસકે આગળ ધપી રહ્યો છે. શહેરમાં મુસાફરોની સંખ્યામાં થઈ રહેલો પ્રચંડ વધારો ખાનગી મુસાફરી કરાવતાં વાહનો માટે હરીફાઈમાં તબદીલ થઈ રહ્યો છે. જેમાં જીપ અને રીક્ષાચાલકોએ મુસાફરી મેળવવા એસ.ટી. બસના આગમન સમયે જ સ્ટોપેજ ઉપર પોતાનું વાહન બસ અને મુસાફર વચ્ચે લાવી દઈ મુસાફર બસ ચુકી જાય અને પોતાને મુસાફરી મળે તેવી અવળચંડાઈ હાથ ધરી છે. જેથી મુસાફરોમાં ભારે આક્રોશ ફેલાયો છે.

ગાંધીનગર શહેરમાં છેલ્લા પાંચ વર્ષમાં ટ્રાફીકમાં આવેલો તોતીંગ વધારો હાલ માર્ગો ઉપર સ્પષ્ટ દેખાઈ રહ્યો છે. મહાનગર પાલિકા તેમજ પોલીસવડા દ્વારા સત્વરે ટ્રાફીક અંગે યોગ્ય પર્યાય વિચારવો જ રહ્યો અન્યથા અમદાવાદ જેવી ટ્રાફીક સમસ્યામાં શહેર ફેરવાઈ જશે તે લખવુ અસ્થાને નહી જ ગણાય. જેના પડઘા સ્વરૂપે હાલમાં ખાનગી મુસાફરી કરાવતાં વાહનો મુસાફરો મેળવવા રીતસર હરીફાઈ કરી રહ્યા છે. જેનું માઠું પરિણામ આમ આદમી ભોગવી રહ્યો છે.

શહેરના અલગ અલગ સ્ટોપેજ ઉપર આવતી એસ.ટી. બસોમાં મુસાફરી કરવા રાહ જોઈ રહેલા મુસાફરોને જીપ અને રીક્ષા ચાલકોની અવળચંડાઈના કડવા અનુભવ થઈ રહ્યા છે. જેમાં સ્ટોપેજ ઉપર બસ આવતા સાથે જ આ ચાલકો પોતાનું વાહન બસ અને મુસાફર વચ્ચે ઉભી રાખી દે છે. જેથી બસચાલક મુસાફર ખાનગી વાહનમાં જઈ રહ્યો હોવાની ભ્રમણા સાથે બસ હંકારી દે છે અને મુસાફર બસની મુસાફરીથી વંચિત રહી આખરે ખાનગી વાહનના તાબે થઈ જાય છે અને ક્ષમતા કરતાં પણ વધારે વાહનમાં મુસાફરો બેસાડી જીવના જોખમે મુસાફરી કરવા મજબૂર કરી દે છે.

શહેર ટ્રાફીક પોલીસની આસપાસ સર્જાતા આ દશ્યો પોલીસ મુક પ્રેક્ષક બની જોઈ રહે છે. જેથી સત્વરે આ બદી સામે જિલ્લા પોલીસ વડા યોગ્ય કાર્યવાહી નહીં કરે તો ભવિષ્યમાં ગાંધીનગરની રોનક છીનવાઈ જવાની પ્રબળ શક્યતા દેખાતી હોવાનું મુસાફરો જણાવી રહ્યું છે.

## ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજના પ્રમુખ નિમાયા

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજની સામાન્ય સભા તાજેતરમાં સમાજના આગેવાનો દ્વારા યોજાઈ હતી. બેઠકમાં જિલ્લા રાજપૂત સમાજના પ્રમુખ તરીકે વિક્રમસિંહ ગોલની નિયુક્તી થઈ હતી અને તેમનો પદગ્રહણ સમારંભ ગતરોજ યોજાયો હતો.

જિલ્લા રાજપૂત સમાજની સામાન્ય સભામાં વિક્રમસિંહ ગોલની પ્રમુખ તરીકે થયેલી વરણીને સૌએ વધાવી લીધી હતી. પ્રમુખનો પદગ્રહણ સમારંભ તથા કારોબારીની પ્રથમ બેઠક ૨૭મી જુલાઈએ સમાજના આગેવાનો સર્વશ્રી મેયર મહેન્દ્રસિંહ રાણા, પી.પી. બિહોલા, સી.એન. ચાવડા, મધુર ડેરીના ચેરમેન શંકરસિંહ રાણા, બચુભા બિહોલા, શંકરસિંહ ગોહિલ તથા તમામ હોદ્દેદારોની ઉપસ્થિતિમાં યોજાયો હતો. ઉપસ્થિત સર્વેજનોએ વિક્રમસિંહ ગોલને આ પ્રસંગે શુભેચ્છા પાઠવી હતી.

## સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા 'રમૂજની રંગત'

સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા માત્ર સંસ્થાના સભ્યો માટે તા. ૨૮મી જુલાઈના રોજ રાત્રે ટાઉન હોલમાં રમુજની રંગત હાસ્યની છોળો સાથે મોજ કરાવતો કાર્યક્રમ છે. આ કાર્યક્રમમાં શૈક્ષણિક ઈનામ વિતરણ માટે માર્કશીટ લેવામાં આવશે. સંસ્થાના અગ્રણી જુલુભા ધાધલએ જણાવેલ છે.

## સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા તેજસ્વી તારલાઓને ઈનામ વિતરણ

સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા દર વર્ષની જેમ માત્ર સંસ્થાના સભ્યો પરિવારના વિદ્યાર્થીઓ માટે તા. ૧૧મી ઓગસ્ટના રોજ શૈક્ષણિક કાર્યક્રમ યોજવામાં આવેલ છે. આ માટે દરેક વિદ્યાર્થીઓની માર્કશીટ ૩૦ જુલાઈ સુધીમાં પહોંચતી કરવી. જીલુભા ધાધલ, નિલેન્દુભાઈ વોરા, જી.પી. પટેલ, અનિલ હિંગુ, હેમાંગભાઈ દોશી, ભુપેન્દ્ર ગજ્જર, લક્ષ્મણભાઈ કંસારાને પહોંચતી કરવા જણાવેલ છે.



# સેક્ટર-૨૧ પોલીસ સ્ટેશન ખાતે લોક દરબાર યોજાયો

## કેમેરા લગાડવા ઉપરાંત ટ્રાફીક નિયમન, ચેઈન સ્નેચીંગ જેવા પ્રશ્નો પર ભાર મુકાયો

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર શહેરના અગ્રણીઓ તથા વસાહત મહામંડળના આગેવાનો સહિત પદાધિકારીઓ સાથે ગઈકાલે સેક્ટર-૨૧ પોલીસ મથકમાં લોક દરબારનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રોબેશનલ ડીવાયએસપી કોમલબેન વ્યાસ તથા સિનિયર પી.આઈ. એસ.ડી. પટેલની અધ્યક્ષતામાં યોજાયેલા દરબારમાં વિવિધ સમસ્યાઓ તથા તેના ઉકેલ વિશે ચર્ચા કરવામાં આવી હતી.

શહેર વસાહત મહામંડળ દ્વારા અવારનવાર થયેલી રજુઆતને પગલે સેક્ટર-૩૦ સર્કલ ઉપરાંત જ અને ચ રોડ પર સીસીટીવી કેમેરા લગાડાઈ ગયા છે. કેમેરા ગુનાખોરી ઘટાડવા તથા આરોપીઓ સુધી પહોંચવા માટે મહત્વનું સાધન હોવાથી શોપીંગ સેન્ટરો, શૉ રૂમ, હોલ, પેટ્રોલપંપ સહિત બેઠકોમાં કેમેરા લગાવવા જાહેરનામુ પણ પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે તેમ છતાં હજુ ઘણા વેપારીઓ કે ખાનગી એકમોના માલીકોએ કેમેરા લગાડ્યા નહી હોવાના મુદ્દાને લોકદરબારમાં રજુ કરવામાં આવ્યો હતો અને તેમની પાસે કડક અમલવારી માટે રજૂઆત કરી હતી. તે ઉપરાંત સે. ૨૧ પોલીસ સ્ટેશનમાં યોજાયેલા લોક દરબારમાં વિદ્યાર્થીઓ માટે લાયસન્સ અપાવવા, ટ્રાફીક અંગેની જાણકારી વાહનચાલકો સુધી પહોંચાડવા તથા જનજાગૃતિના કાર્યક્રમો કરવા ઉપરાંત ચેઈન સ્નેચીંગના બનાવો પર નજર રાખી આરોપીઓને પકડવા દર્પણ બુચ, તરંગ હાથી તથા સુધીર દેસાઈએ રજુઆત કરી હતી.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૬
સૂર્યાસ્ત : ૭.૧૪

## તાપમાન

મહત્તમ : ૩૦.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૬.૬ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૯૨ ટકા ● સાંજે ૮૫ ટકા
વરસાદ ૧૭ મીમી

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ધ વોલ્વેરીન (હિન્દી) : ૯.૦૦, ૨.૧૫, ૫.૦૦, ૭.૪૫, ૧૦.૩૦
નશા : ૧૧.૪૫

: સ્ક્રીન-૨ :
ઈશ્ક : ૯.૧૫
ભાગ મિલ્ખા ભાગ : ૧૨.૦૦, ૩.૩૦, ૧૦.૦૦
ડી-ડેય : ૭.૦૦

: સ્ક્રીન-૩ :
ભાગ મિલ્ખા ભાગ : ૯.૧૫
બજાતે રહો : ૧૨.૪૫, ૫.૪૫, ૧૦.૪૫
ઈશ્ક : ૩.૦૦, ૮.૦૦

: સ્ક્રીન-૪ :
રમૈયા વસ્તાવૈયા : ૯.૧૫, ૧૨.૧૫, ૩.૧૫
ભાગ મિલ્ખા ભાગ : ૬.૧૫, ૯.૪૫

### સૂર્યા, વાવોલ

ઈશ્ક : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ભાગ મિલ્ખા ભાગ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ઈશ્ક : ૧૦.૩૦, ૧૦.૦૦
નશા : ૧.૩૦
બજાતે રહો : ૪.૦૦, ૭.૦૦

: સ્ક્રીન-૨ :
રમૈયા વસ્તાવૈયા: ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :
બજાતે રહો : ૧૦.૦૦
ઈશ્ક : ૧૨.૦૦, ૫.૩૦, ૭.૩૦
નશા : ૩.૦૦

### ચિરાગ, કલોલ

ઈશ્ક : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### ધાર્મિક

- અષાઢ વદ-૫ નીમિતે શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી વલ્લભધામ, ચ-રોડ, સેકટર-૨૧ ખાતે આજે લીલીઘટાના હિંડોળા
- સ્વ. નંદિપ કાર્તિકેય બુચની વાર્ષિક પુણ્યતિથિ નિમિતે અર્પવા સુંદરકાંડ પાઠ સવારે ૮.૩૦ કલાકે ટાઉન હોલ, સેકટર-૧૭ ખાતે યોજાશે.

## આપની આજ

**મેષ** : કુટુંબના સભ્યો સાથે મતભેદ ન થાય તેની કાળજી રાખવી. આપ કોઈપણ પ્રકારના વ્યર્થ ભ્રમમાં ન રહેતા સ્વવિવેકથી કામ કરશો તો સફળતા સંભવ છે.

**વૃષભ** : મિત્રો અને કુટુંબના સભ્યો સહિત પોતાની આંતરિક પ્રસન્નતા અને આશાજનક વાતારણને કારણે પ્રયાસ સફળ થઈ શકશે.

**મિથુન** : આમોદ-પ્રમોદ વિલાસિતામાં સમય પસાર થશે. આપના થકી વ્યવસાયિક ક્ષેત્રે નવી યોજના બની શકશે જેનો લાભ ભવિષ્યમાં થશે. પ્રયત્નો ચાલુ રાખવા.

**કર્ક** : મહત્વપૂર્ણ કાર્યોને પૂર્ણ કરશો. જમીન- મકાન ખરીદવાની આકાંક્ષા પૂર્ણ થવાની સંભાવના રહેશે. તમારા કાર્યોની સમાજમાં અને વ્યવસાયક્ષેત્રે નોંધપાત્ર પ્રશંસા થશે.

**સિંહ** : વ્યાપાર- વ્યવસાયક્ષેત્રે સમસ્યાઓ હોવાં છતાં કાર્ય થવાનો યોગ બની રહ્યો છે. આર્થિક લાભનાં સ્ત્રોતોથી સંબંધી ઉત્પન્ન થયેલી સમસ્યાઓ છતાં કાર્ય પૂર્ણ થવાની સંભાવના છે.

**કન્યા** : લાંબા સમયથી ચાલી રહેલી કૌટુંબિક સમસ્યાઓનું સમાધન થઈ શકશે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થવાના યોગ પ્રબળ બની રહ્યા છે.

**તુલા** : કાર્યનાં દરેક પગલે મુશ્કેલીનો સામનો કરવો પડશે. કૌટુંબિક જીવન પણ સુખદ નહીં રહે. આપના અથાગ રીતે કરેલ મહેનતનું ફળ તરત જ મળી શકશે.

**વૃશ્ચિક** : અટકેલા કાર્ય સમય પર પૂરા કરવા આપ કટીબદ્ધ બનશો. કાયદાકીય બાબતોમાં આત્મવિશ્વાસમાં કમી આવવાની સંભાવના છે. વાદ- વિવાદથી દૂર રહેવું.

**ધન** : મનમાં ઉત્સાહપૂર્ણ વિચારોને કારણે સમય સુખદ પસાર થશે. સંચિત ધનમાં વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. ધર્મના ક્ષેત્રમાં વિશેષ રુચિ જાગૃત થઈ શકશે.

**મકર** : મિત્રોનો સહયોગ અને આશ્વાસન મળી રહેશે. જૂના કાર્યોમાં ઉભી થયેલી સમસ્યાઓનું નિરાકરણ થઈ શકશે. ઉદર વિકારને કારણે ખાનપાન પર સંયમ રાખવું.

**કુંભ** : કોઈ વરિષ્ઠ વ્યક્તિઓ અને નિતિગત સમસ્યાઓ પર સમય અને ધન ખર્ચ થવાની સંભાવના રહેલી છે. કર્મક્ષેત્રમાં વિશેષ ઉપલબ્ધિ અને નવા કાર્યોનો યોગ.

**મીન** : મહત્વકાંક્ષાઓ પ્રગતિ પ્રેરક કરશે. નિષ્ઠાથી કાર્ય કરતા રહેવું. વ્યાપારિક ભાગીદારી, કૌટુંબિક વિવાદ વગેરે માટે ભાગ્યવર્ધક યાત્રા- પ્રવાસનો યોગ બને છે.

## ચિરવિદાય

- સ્વ. સોનલબેન વિજયકુમાર બારોટ (ઉ.વ. ૪૨) મુ.પો. ધારીસણા, તા.દહેગામ, જિ. ગાંધીનગર.
- સ્વ. લીલાજી માધાજી ઠાકોર (ઉ.વ. ૩૫) મુ.પો. પીડારડા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. સોમાજી કાળાજી ઠાકોર (ઉ.વ. ૬૮) મુ.પો. મહુન્દ્રા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. સુરેન્દ્રકુમારા ધીરજલાલ વ્યાસ (ઉ.વ. ૮૪) પ્લોટ નં. ૭૭૨/૧, જાગૃતિ પાર્ક, સેકટર-૩૦, ગાંધીનગર.
- સ્વ. પુરીબેન મફતલાલ પ્રજાપતિ (ઉ.વ. ૬૪) પ્લોટ નં. ૫૮૬/૧, સેકટર-૫/બી, ગાંધીનગર.
- સ્વ. ચંદુજી સુરાજી ઠાકોર (ઉ.વ. ૭૫) મુ.પો. રૂપાલ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. અભાજી કાળાજી ઠાકોર (ઉ.વ. ૫૭) મુ.પો. પ્રાંતિયા, તા., જિ.ગાંધીનગર.